ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**શૈલેષભાઈ પંડ્યા**
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ
નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫



**અવનીબા પંકજસિંહ બિહોલા**
મો. ૭૯૯૦૪ ૫૯૫૮૮

# શેઠ સી એમ હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થી-વાલીઓ માટે સહચિંતન

## આગામી પરીક્ષાનાં શિડ્યુલ તથા કેરિયરલક્ષી પરીક્ષાઓ અંગે વિદ્યાર્થી-વાલીઓને માહિતગાર કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૩

શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સહચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૦૦થી વધુ લોકોએ હાજર રહીને શિબિરને સફળતા પ્રદાન કરી હતી.

આ શિબિરની શરૂઆત પ્રાર્થના અને વાલીગણ દ્વારા દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ શાળાનાં આચાર્ય ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચનમાં જણાવવામાં આવ્યું હતું કે વિદ્યાર્થી શાળાની ધરોહર છે અને વાલીગણને આવકારી શાળાકીય આયોજનો અને પરીક્ષાલક્ષી, જીવનલક્ષી મૂલ્યોના વિકાસ અને પ્રસ્થાપન માટે સદૃષ્ટાંત ઉદ્બોધન આપ્યું હતું. શાળા પરિવારના બી એમ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ પરિણામ માટે સ્લો લર્નર અને તેજસ્વી વિદ્યાર્થી માટેનાં આયોજનો આપવામાં આવ્યાં હતાં. તેમણે આગામી પરીક્ષાનાં શિડ્યુલ આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જે બી પટેલ દ્વારા સ્ટેટ બોર્ડ, જેઈઈ, એનઈઈટીની પરીક્ષા અંગે સવિસ્તાર ચિતાર આપી પ્રશ્નોત્તરીના અંતે વાલીઓના પ્રતિભાવ અને સૂચનો મેળવવામાં આવ્યા હતા. સમગ્ર સહચિંતનના આયોજનમાં સુપરવાઈઝર બી એ પટેલ, મુકેશ પટેલ, મુખ્ય શિક્ષક દશરથભાઈ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સંચાલન આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે

# સમર્પણ મૂક-બધિર વિદ્યામંદિર દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન



ગાંધીનગર, તા. ૩

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા વિકલાંગ દિવસ નિમિત્તે સોમવારે મૂક-બધિર જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પસંદગી મેળામાં ગુજરાતભરના ૪૫૦ જેટલા મૂક-બધિરોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી તથા સંસ્થાના ટ્રસ્ટી નિશિત વ્યાસ, રાજેશ પંચોલી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ રાકેશભાઈ જાની, કોર્પોરેશન બેન્કના મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. કોર્પોરેશન બેન્ક દ્વારા સંસ્થામાં નિવાસ કરતા ૬૦ વિદ્યાર્થીઓને બ્લેન્કેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ તમામ કાર્યક્રમનું સંચાલન સંસ્તાના સંચાલક વૈભવ જાની તથા ધર્મેશ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

આગામી ફેબ્રુઆરી માસમાં સંસ્થા દ્વારા મૂક-બધિર સમૂહલગ્નનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં ૧૫ યુગલો જોડાશે. ઉલ્લેખનીય છે કે ખેલ મહાકુંભ-૨૦૧૮ દરમિયાન સંસ્થાના વિદ્યાર્થીઓએ વડોદરાની ટીમને ફાઈનલમાં પરાજિત કરી પ્રથમ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો છે.

# પુસ્તક પરબના પ્રણેતા પ્રજ્ઞાબેન પટેલનું પુસ્તકપ્રેમીઓ દ્વારા અભિવાદન કરાયું



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ખ-૪ સર્કલે છેલ્લાં ચાર વર્ષથી પુસ્તક પરબ યોજાય છે. અહીં આવનાર સૌને બે પુસ્તક અને બે મેગેઝિન મફત આપવામાં આવે છે. આ કાર્યના પ્રણેતા પ્રજ્ઞાબેન પટેલ સરકારી નોકરીમાંથી વયનિવૃત્ત થતાં રવિવારે પુસ્તક પરબ ટાણે એમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આશાબા સરવૈયા, દિલીપભાઈ ચૌહાણ, કિશોર જીકાદરા, સંજય થોરાત, અશોક ત્રિવેદી, મુળજી પરમાર, રોહિણી પરમાર, સમીર રામી, દિશાન્ત ગર્ગ દક્ષા ભાવસાર, રણછોડ પરમાર વગેરે પુસ્તકપ્રેમીઓ દ્વારા પુસ્તક-પુષ્પગુચ્છ અને શાલથી પ્રજ્ઞાબેનને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# માણસામાં બીઆરસી ભવન દ્વારા વિકલાંગ દિવસની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા. ૩

સોમવારે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી માણસા ખાતે બીઆરસી ભવન દ્વારા વિશિષ્ટ શિક્ષકોના સહયોગથી કરવામાં આવી હતી.

માણસા તાલુકાનાં દિવ્યાંગ બાળકો માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમના માટે ચિત્ર સ્પર્ધા, રંગપૂરણી, સંગીત સ્પર્ધા, ડાન્સ સ્પર્ધા, લીંબુ ચમચી જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રથમ પાંચ ક્રમે વિજેતા બાળકોની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

બીઆરસી કો-ઓર્ડિનેટર સતીષભાઈ પરમાર દ્વારા દિવ્યાંગબાળકો માટે વાલીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તથા બાળકો માટે 'વેસ્ટમાંથી બેસ્ટ' પ્રવૃત્તિ હેઠળ અંજલી ટાયર, માણસાના માલિક અમૃતભાઈના સૌજન્યથી ટાયરમાંથી બેઠક બનાવીને ગિફ્ટ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન વિશિષ્ટ શિક્ષક પૌરીન પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગૂજરાત વિદ્યાપીઠ, શારીરિક શિક્ષણ વિભાગના એનએસએસ એકમની

# 'સ્વચ્છતા, શ્રમ અને આરોગ્ય શિબિર'નો જાખોરામાં પ્રારંભ




ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમની વિશિષ્ટ શિબિર 'સ્વચ્છતા, શ્રમ અને આરોગ્ય શિબિર' જાખોરા ગામમાં શરૂ થઈ છે, જેના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જાખોરા દૂધ મંડળીના ચેરમેન કેતનભાઈ પટેલ, સરપંચ કમલેશભાઈ પટેલ, કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, આચાર્ય રાજેશભાઈ પટેલ, ડૉ. અરૂણભાઈ ગાંધી, ડૉ. કમલેશભાઈ પટેલ, ડૉ. ગીતાબેન પટેલ, બ્રહ્માકુમારી તારાદીદી, રમેશભાઈ પટેલ અને ડૉ. કનુભાઈ નાયક ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું. શિબિરની રૂપરેખા શિબિર સંચાલિકા ડૉ. ગીતાબેન પટેલે આપી હતી. સુતરની આંટીઓથી અતિથિઓનું સ્વાગત તથાગત પ્રિયદર્શી, પ્રવીણ રાઠોડ, જીનાલી માતા, અર્જુન રાયશીખ, નરેન્દ્ર ચાવડા અને અજય મેમાંકીયાએ કર્યું હતું.

આ સાત દિવસ ચાલનારી શિબિરમાં ડૉ. નયનેશ વસાવા (આયુષ સંસ્થા), હિતેશભાઈ પટેલ (મુક્તજીવન સંસ્થા), પર્થેશભાઈ પંડ્યા, ડૉ. કનુભાઈ વસાવા, તેજસભાઈ ઠાકર, ડૉ. મલ્હાર પટેલ સ્વચ્છતા, શૌચાલય, સરકારની વિવિધ ગ્રામ વિકાસની યોજનાઓ, વ્યસનમુક્તિ, રાષ્ટ્રીય સેવા યોજના, ગાંધીજીના વિવિધ રચનાત્મક કાર્યક્રમો અને આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયો પર વ્યાખ્યાન આપશે અને શિબિર દરમિયાન બાળકોના હેલ્થ ચેક-અપ, વાનગી હરિફાઈ, વ્યસનમુક્તિ અને સ્તન કેન્સરને લગતી ફિલ્મ, સમૂહ સફાઈ, આપત્તિ વ્યવસ્થાપનને લગતી મોક ડ્રીલ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. શિબિરમાં સહસંચાલક તરીકે ડૉ. ઉદાજી પરમાર, ડૉ. દલસંગભાઈ ચૌધરી અને ડૉ. વિજયભાઈ મકવાણા પોતાની જવાબદારી નિભાવશે અને આ શિબિરમાં શિબિર મંત્રી તરીકે તથાગત પ્રિયદર્શી અને શિબિર સહમંત્રી તરીકે પ્રવીણભાઈ રાઠોડ પોતાની કામગીરી નિભાવશે. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઑફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું.

# વેસ્ટર્ન એશિયા ચેસ ચેમ્પિયનશીપમાં ગુજરાતના જુનિયર ખેલાડીઓ ઝળક્યા







## ૧૧ દેશોના કુલ ૩૦૦ ખેલાડીઓએ ભાગ લીધો : ગુજરાતના વૃંદેશ પારેખ, ધ્યાના પટેલ અને સ્વયં પી ઝળહળતી સિદ્ધિને પામ્યા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્યમાં ચેસની રમતમાં ખેલાડીઓ ઉત્તરોત્તર પ્રગતિ હાંસલ કરી રહ્યા છે. તાજેતરમાં જ રમાઈ ચૂકેલી વેસ્ટર્ન એશિયા જુનિયર ચેસ ચેમ્પિયનશીપ કે જે ૭ ગ્રુપમાં તા. ૧૬થી ૨૨ નવેમ્બર દરમિયાન ઉઝબેકિસ્તાન ખાતે રમાઈ હતી, તેમાં ૧૧ દેશોના કુલ ૩૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર ટુર્નામેન્ટમાં ગુજરાતના ખ્યાતનામ ખેલાડી વૃંદેશ પારેખ, ધ્યાના પટેલ અને સ્વયં પી ખૂબ જ સુંદર પ્રદર્શન કરી ઝળહળતી સિદ્ધિને પામ્યા હતા.

વૃંદેશ પારેખે અન્ડર-૧૪ રેપિડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ અને અન્ડર-૧૪ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. ડબલ્યુએફએમ ધ્યાના પટેલે રેપિડ અને બ્લીટ્સ ફોર્મેટમાં ગોલ્ડ અને અન્ડર-૧૮ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. પૂર્વ અન્ડર-૮ કોમનવેલ્થ ચેમ્પિયન સ્વયં પી દાસ અન્ડર-૧૦ ક્લાસીકલમાં તેમજ બ્લીટ્સ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ મેળવવા હકદાર બન્યા હતા. ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના સેક્રેટરી ભાવેશ પટેલે આ ત્રણેય ખેલાડીઓને તેમણે મેળવેલી સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

### અમદાવાદ-ગાંધીનગરની છ શાળાઓએ ભાગ લીધો

# દિલ્હી પબ્લિક સ્કૂલના યજમાનપદે 'મ્યુઝાર્ટ-૨૦૧૮'નું આયોજન થયું



## સમૂહગાન , સલાડ મેકિંગ, ક્લે સ્કલ્પચર, પેઈન્ટિંગ અને વૉલ પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ : ત્રણ સ્પર્ધાઓમાં ડીપીએસ પ્રથમ

ગાંધીનગર, તા. ૩

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના યજમાન પદે 'મ્યુઝાર્ટ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ અને ગાંધીનગરની છ શાળાઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સમૂહગાન , સલાડ મેકિંગ, ક્લે સ્કલ્પચર, પેઈન્ટિંગ અને વૉલ પેઈન્ટિંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિલ્હી પબ્લિક સ્કૂલે સમૂહગાન સ્પર્ધામાં દ્વિતિય અને ડીએવી સ્કૂલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પેઈન્ટીંગ, ક્લે સ્કલ્પચર અને વૉલ પેઈન્ટિંગમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરે પ્રથમ સ્થાન તથા સલાડ મેકિંગમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૪૪મો મણકો ॥

ગાંધીજીનો તો ઊંઘ પર કાબૂ હતો. ઈસ્ટ એન્ડમાંથી વેસ્ટ એન્ડ પરિષદ માટે જતાં હોય તે દરમ્યાન રસ્તો વીસ મિનીટનો, તેમાંથી ૧૯ મિનીટ ગાંધીજી ઊંઘી લેતા. પણ મહાદેવભાઈનો તો ઊંઘ પર એવો કાબૂ ન હતો. તેથી તેઓ આ ૧૯ મિનીટ દરમ્યાન પણ ચર્ચા માટેના મુદ્દાઓ જોઈ જવા વગેરે કામ કરતા. આમ મહાદેવભાઈનું કામ તો ચાલ્યા જ કરતું. જોકે, આ કથા મહાદેવકથા નહીં, પણ ગાંધીકથા છે એટલે એમના વિશે વધુ નહીં કહું, પણ એય ગાંધીકથાનો જ એક ભાગ છે એટલે એના ભાગ તરીકે જેટલું આવે તેટલું કહીશ.

ગોળમેજી પરિષદ થઈ ત્યારેય અંગ્રેજોએ કેવી કારી કરી ? તેમણે એવું જાહેર કર્યું કે આભાર દર્શન ગાંધીજી કરશે. અને એ દરમ્યાન તેમણે ગોળમેજી દરમ્યાન જે કોઈ વાતો કે પ્રશ્નો થયા હોય તેના જવાબો આપવા હોય તો પણ આપી શકશે. ગાંધીજીએ પણ એમાં સંમતિ આપી હતી.



ઘનશ્યામદાસ બિરલા કે જેઓ પણ આ ગોળમેજીમાં હાજર હતા તેમણે પોતાના પુસ્તકમાં આ ઘટનાનું વર્ણન કરતાં લખ્યું છે કે વડાપ્રધાન મેકડોનાલ્ડ તો ફટાફટ આંકડા પર આંકડા મૂકવા લાગ્યા : મુસલમાનો પ્રતિનિધિઓએ આઝાદીની વાતને ટેકો આપ્યો નથી, દલિત પ્રતિનિધિઓ ને દેશી રાજ્યોના પ્રતિનિધિઓએ સ્વરાજની વાતને ટેકો આપ્યો નથી (દેશી રાજ્યોના પ્રતિનિધિઓ તરીકે તો માત્ર રજવાડાઓ જ હાજર રહેલા તેમ છતાં તેની ગણતરી ટકાવારીમાં થઈ રહી હતી), આ સંમત નથી,




તે સંમત નથી એમ કરી કુલ ૪૬ ટકા પ્રતિનિધિઓ તો સ્વરાજની વાત સાથે સંમત નથી. લગભગ અડધી સંખ્યા થઈ. મતલબ કે અડધો દેશ સ્વરાજ નથી ઈચ્છતો. હવે જો અડધો દેશ સ્વરાજ ન ઈચ્છતો હોય તો અમારાથી સ્વરાજ કેવી રીતે અપાય ?

મેકડોનાલ્ડ આ આંકડા મૂકી રહ્યા હતા ત્યારે આ આંકડાઓમાં જેમને રસ હતો એ ઘનશ્યામદાસ બિરલાને થયું કે આ સમયે ગાંધીજી શું કરે છે તે જોઈએ. તેમણે જોયું તો ગાંધીજી ઉંઘી રહ્યા હતા ! ગોળમેજી પરિષદમાં લોર્ડ સેન્કીની બાજુમાં બેસીને ગાંધીજી ઉંઘી રહ્યા હતા. ઘનશ્યામદાસ બિરલાને તો આશ્ચર્ય થયું. તેમને થયું, આ મેકડોનાલ્ડ આવા આંકડા પર આંકડા મૂકતા જાય છે ને બાપુએ એનો જવાબ વિચારવો જોઈએ એના બદલે બાપુ તો ઉંઘે છે ! શું થશે આપણા દેશનું ?

પણ ગાંધીજી તો ઉંઘતા હતા. મેકડોનાલન્ડનું પ્રવચન પૂરું થવાને બે મિનીટની વાર હતી ને તેઓ ઊઠી ગયા. તેમણે કહ્યું, 'અહીં જે કોઈ મહિલા પ્રતિનિધિ હાજર છે તેમણે સ્વરાજના પક્ષમાં પોતાનો મત આપ્યો છે અને દરેક વર્ગમાં મહિલાઓની સંખ્યા અડધોઅડધ છે તેથી વડાપ્રધાન મેકડોનાલ્ડે જે ૪૬ ટકા કહ્યા છે તે હકીકતે તો ૨૩ ટકા જ થાય !' આમ તેમણે સ્વરાજની વિરુદ્ધમાં જે ટકાવારી મેકડોનાલ્ડે કહી હતી તેને સીધી જ અડધી કરી નાખી અને કહ્યું, 'આંકડાઓ અનેક જાતના આપી શકાય અને આંકડાઓથી તો કંઈપણ પૂરવાર કરી શકાય.'

હૉલની બહાર ગાંધીજીએ જે કામ કર્યું તેમાં તેઓ ઘણા લોકોને મળ્યા હતા. મોટાભાગે શુક્રવારની બપોરથી સોમવારની સવાર સુધી આ ક્રમ ચાલતો. કારણ કે બાકીના દિવસોમાં તો પરિષદનું કામ ચાલતું હોય. તેઓ સમાજના બધા જ પ્રકારના લોકોને મળ્યા. એમાં સૌથી અગત્યની જે મુલાકાત કહી શકાય એ કાપડની મિલાના કારીગરો સાથેની. એ વિસ્તારમાં ગાંધીજી ગયા ત્યારે તો સરકારને પણ ચિંતા થઈ હતી કે રાજાના પ્રતિનિધિ તરીકે આવ્યા છે ને કોઈ કાંકરીચાળો કરશે તો આપણી આબરુ જશે. તેથી તેમણે ગાંધીજીને સુરક્ષા પણ આપી હતી. પરંતુ ગાંધીજીએ તેનો ઈનકાર કરી દીધો હતો અને પોતાની પાસે જે બે સ્થાનિક માણસો પહેલેથી રહ્યા હતા, જેમની સાથે તેમને ભળી ગયું હતું તેમને જ સાથે રાખ્યા હતા. અલબત્ત, જ્યારે તે સ્થળે પહોંચ્યા ને કારીગરોને મળવા ગયા ત્યારે તો આ માણસોનેય તેમણે દૂર જ રાખ્યા હતા અને કારીગરોનો મળવા એકલા જ ગયા હતા.

કારીગરોએ ગાંધીજીને કહ્યું, 'તમારી સ્વદેશીની ચળવળ અને રેંટિયાને લીધે અમારી મિલો બંધ થઈ ગઈ, અમે બેકાર બની ગયા અને અમારા પેટમાં ખાડા પડી ગયા.'

ગાંધીજીએ કહ્યું, 'મારા કારણે તમારા પેટમાં ખાડા પડી ગયા એ માટે હું દિલગીર છું. પણ તમારી આ જે મિલો ચાલુ થઈ એના કારણે અમારા દેશના મજૂરોના પેટમાં વેંત જેવડા ખાડા પડ્યા છે. એટલે મારે આ કરવું પડ્યું છે.'

મહાદેવભાઈએ આ પ્રસંગ પોતાની ડાયરીમાં નોંધ્યો છે, જેમાં લખ્યું છે કે ત્યાં ઊભેલા માણસે એમ કહ્યું હતું : 'આ માણસને લીધે હું બેકાર બન્યો, આ માણસને કારણે અમારી મિલો બંધ થઈ ને અમારે કેશ ડૉલ પર રહેવું પડ્યું. પણ તેમ છતાં હું કહું છું કે એની જગ્યાએ હું હોત તો હું પણ એમ જ કરત.'

ગાંધીજી એટલી હદે પોતાની વાત તેમને સમજાવી શક્યા હતા.

જે અનેક લોકોને ગાંધીજી મળ્યા તેમાં યુનિવર્સિટીના વિદ્વાન હેરોલ્ડ લાસ્કીનો પણ સમાવેશ થતો હતો. અનેક જાતની ચર્ચાઓ તેમની સાથે થઈ. જ્યોર્જ બર્નાડ શો સાથે પણ મુલાકાત થઈ. શો તો પોતાની રમૂજવૃત્તિ માટે જાણીતા એટલે તેમણે તો એમ પણ કહેલું કે જુનિયર મહાત્માને મળવા સિનીયર મહાત્મા આવ્યા છે. આમ કહીને પોતાની જાતને જુનિયર મહાત્મા પણ કહી દીધી. તેમણે તો ગાંધીજીને એમ પણ પૂછેલું, 'આ ગોળમેજી પરિષદમાં તમને કંટાળો નથી આવતો ?' 'કંટાળો શું મને તો ઊંઘ આવે છે.' ગાંધીજીએ જવાબ આપ્યો હતો. 'તો પછી આ ગોળમેજી પરિષદમાં શું કામ આવ્યા ?' 'હું પરિષદ માટે થોડા આવ્યો છું ? હું તો તમને લોકોને મળવા આવ્યો છું.' એ પછી એ બંને વચ્ચે પણ અનેક વિષયોની ચર્ચાઓ થઈ. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**